## ભરૂચના વિ.એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ

**ક્રિમીનલ અપીલ નંબર : પ૨૨/૨૦૨૨**

**–: આંક–૧ લગત હુકમ :–**

૧. હાલના કામે બંને પક્ષકારો તરફે આંક–૯ થી સમાધાન પુરસીસ રજુ કરવામાં આવેલી છે અને એવી રજુઆત કરવામાં આવેલી છે કે બંને પક્ષકારો વચ્ચે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે અને આ કામના અરજદાર/ આરોપીએ આ કામના સામાવાળા/ફરિયાદીને સમાધાન મુજબની રકમ ચુકવી દીધેલ છે અને હવે પક્ષકારો વચ્ચે ચેક બાબતે કોઈ તકરાર બાકી રહેતી નથી, જેથી અરજદાર/આરોપીને છોડી મુકવા અરજ ગુજારેલી છે. વધુમાં આ સમાધાન રાજીખુશીથી અને મુકત સંમતિથી કોઈ પણ જાતના દબાણ કે ધાક ધમકી અને પ્રલોભન વગર કરવામાં આવેલ હોવાનું પણ જણાવેલ છે. જેથી સમાધાન ધ્યાને લેવામાં આવેલ છે.

૨. આ અદાલત ધ્વારા **ના.ગુજરાત હાઈકોર્ટ સમક્ષની ક્રિમીનલ રીવીઝન અરજી નંબર : ૧૮૨/૦૬ – ભગુભાઈ પરસોતમદાસ પટેલ વિરૂઘ્ધ ભોગીલાલ મણીલાલ પટેલ**નો ચુકાદો ધ્યાને લેવામાં આવેલ છે. આ ચુકાદામાં ના.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે જયારે અદાલતમાં અપીલ પેન્ડીંગ હોય તે દરમ્યાન જો આરોપી ચેકની રકમ કોર્ટમાં ડીપોઝીટ કરાવે અથવા તે ફરિયાદીને ચુકવી દે તો સજા બાબતે ઉદારમત લઈ શકાય અને સંજોગો ધ્યાને લેતાં ફકત કોર્ટ ઉઠતા સુધીની સજા પણ આરોપીને કરી શકાય. વધુમાં આ અદાલતે **૨૦૦૦, ક્રિ.લો.જ. ૪૬૭૧ – પી. મોહનબાબુ વિરૂઘ્ધ રામાસ્વામી**નો ચુકાદો ધ્યાને લીધો. આ ચુકાદામાં ના.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે જો આરોપી અથવા ચેક લખનાર તે ચેકની રકમ ફરિયાદીને ચુકવી દે અથવા તો તે કોર્ટમાં જમા કરાવે તો આરોપીને ફકત દંડની સજા કરી શકાય. વધુમાં ના.સર્વોચ્ચ અદાલતે **દામોદર પ્રભુ વિ. સૈયદ બાબુલાલ ૨૦૧૦(૩) એસ.સી.સી. ૬૬૩** ના ચુકાદામાં આપેલ માર્ગદર્શન મુજબ અપીલના કામે ૧૫% ચેકની રકમ કમ્પાઉન્ડીગ ચાર્જ/કોસ્ટ પેટે ભરવાની થાય છે, પરંતુ ત્યારબાદ **ના.સર્વોચ્ચ અદાલતે મઘ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિરૂઘ્ધ પ્રતિક જૈન ૨૦૧૪(૧) એસ.સી.સી. ૬૯૦** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંઘ્ધાત મુજબ સ્પેસીફીક સ્પેશીયલ કારણો જણાય તો દામોદર પ્રભુના ચુકાદામાં ઠરાવ્યા મુજબ કોસ્ટની રકમમાં ઘટાડો કે વેવ કરી શકે છે.

આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલના કામે પક્ષકારોએ કાયમી લોક અદાલતમાં સમાધાન કરેલ છે, અને આરોપીએ ફરિયાદીને સમાધાન મુજબની રકમ ચુકવી આપેલી છે અને હવે કોઈ રકમ ચુકવવાની રહેતી નથી તેમજ હવે કોઈ તકરાર બાકી રહેતી નથી. જેથી હાલના કેસના સંજોગો અને હકીકતો, અરજદારની આર્થિક પરિસ્થિતિ વિગેરે પરીબળો ધ્યાને લઈ અને પક્ષકારો વચ્ચે કાયમી લોક અદાલતમાં સમાધાન થયેલ હોઈ ઉદારમત ધ્યાને લઈ અરજદારને ચેકની રકમની ૫% રકમ ડી.એલ.એસ.એ.માં જમા કરાવવાની શરતે અન્ય કોઈ પણ જાતનો દંડ કે સજાનો હુકમ નહી કરી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અમારૂ નમ્રપણે માનવુ છે. જેથી ઉપરોકત તમામ હકીકતો, રજુઆતો વિગેરે ધ્યાને લેતાં, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

૧. એપેલન્ટ/આરોપી પુનમભાઈ ભીખાભાઈ વાઘેલાની હાલની ક્રિમીનલ અપીલ આથી મંજુર કરવામાં આવે છે.

૨. નીચેની અદાલતે ક્રિ.કે.નં.૪૧૨૨/૨૦૨૦ ના કામે અરજદાર/આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં કસુરવાર ઠરાવી સજાનો અને વળતર ચુકવવાનો જે હુકમ કરેલ છે તે હુકમ અરજદાર/આરોપીએ ચેકની રકમની ૫% રકમ રૂા.૨,૭૫૩/– ડી.એલ.એસ.એ., ભરૂચ ખાતે જમા કરાવ્યેથી, આથી રદ કરી, અરજદાર/આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અરજદાર/આરોપીએ દંડ પેટે જમા કરાવેલ રકમ તેઓને પરત ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ હુકમની નકલ નીચેની અદાલતને તાત્કાલીક મોકલી આપવી.

આ હુકમ આજ **તા. ૧૨મી માહે નવેમ્બર સને ૨૦૨૨** ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨.૧૧.૨૦૨૨
સ્થળ : ભરૂચ

**( અશોકકુમાર કનૈયાલાલ રાવ )**
એડીશનલ સેસન્સ જજ, ભરૂચ
જજ કોડ–જીજે ૦૦૪૪૭